રજુ તારીખ :	૧૦	૧૧	૨૦૨૩
દાખલ તારીખ :	૧૦	૧૧	૨૦૨૩
ફેસલ તારીખ :	૧૫	૦૬	૨૦૨૬
અવધિ	દિવસ	માસ	વર્ષ
	૦૫	૦૭	૦૨

<u>મે.જુનાગઢ મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફિસર સમક્ષ, મુ.જુનાગઢ</u>

રેફરન્સ (ટી) કેસ નં.૬૫/૨૦૨૩

આંક:–૬૧

<u>**પ્રથમ પક્ષકાર : –**</u> મેનેજરશ્રી,
ગદરે મરીન એકસપોર્ટ પ્રા.લી.,
ચોરવાડ.

<u>**– : વિરુધ્ધ : –**</u>

<u>**બીજા પક્ષકાર : –**</u> મહેશ નાનુભાઈ પરમાર,
મું.ખાણીયા વિસ્તાર, ચોરવાળ.

પ્રથમ પક્ષકાર તરફે : વિ.વકીલ શ્રી એચ.ડી.રાઠોડ તથા વાય.સી.રાજયગુરૂ
બીજા પક્ષકાર તરફે : વિ.પ્રતિનિધીશ્રી આર.એચ.ધમાણી.

<u>**– : : એ વો ર્ડ : : –**</u>

(૧) ઉપરોકત બંને પક્ષકારો વચ્ચેનો ઔધોગિક વિવાદ અને તેનાં નિરાકરણ અર્થે આઈ.ડી. એકટની કલમ–૧૦(૧)(સી) હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી, જુનાગઢનાએ તેમનાં હુકમ ક્રમાંક નં:કે.એચ./એસ.એચ.એમ.સી./આઈ.ડી.આર/મશ્રઆ/જુના/૧૭/૨૦૨૩, તા.૦૮/૧૧/૨૦૨૩ થી મજુર અદાલત, જુનાગઢને ન્યાય નિર્ણય અર્થે અરજદારને નોકરીમાં સળંગ લાભો સહીત પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તે અર્થે રીફર કરેલ છે.

(૨) આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારોને હવે પછી **સામાવાળા** તરીકે અને બીજા પક્ષકારને **અરજદાર** તરીકે સંબોધવામાં આવશે.

(૩) સદર રેફરન્સ અત્રેની કોર્ટમાં દાખલ થતા અરજદાર તરફે આંક–૬ થી માંગણા નિવેદન રજુ કરેલ છે. જેમા તેઓ જણાવે છે કે, સામાવાળા સંસ્થામાં તા.૧૬/૧૦/૨૦૦૭ થી

રોજમદાર કર્મચારી તરીકે માસીક આશરે રૂ.૫૬૭૧/– હતો અને ફરજ દરમ્યાન તેમનો કયારેય વાંક કસુર કે ગુનો બનેલ નથી કે કોઈ ગેરરીતી આચરેલ નથી. તેઓ હિન્દુસ્તાન યુનીલીવર લીમીટેડમાં જોડાયેલ હતા અને સામાવાળા સંસ્થા ધ્વારા હિન્દુસ્તાન યુનીલીવરને અંડરટેક કરતા તેઓને સામાવાળા સંસ્થાના કર્મચારી તરીકે ફરજ બજાવવાની છે તેવો લેખીતમાં આદેશ કરવામાં આવેલ અને તે મુજબ ફરજ બજાવતા હતા. સામાવાળા સંસથામાં તેઓએ નિષ્ઠા અને ખંત પુર્વક ફરજ બજાવેલ છે તેમ છતા તેમની એક ધારી ચાલી આવતી સળંગ નોકરીમાંથી એકા એક છુટા કરેલ છે અને છુટા કરતી વખતે કોઈ નોટીસ, નોટીસ પગાર, બેકારી વળતર કે છટણી વળતર આપેલ નથી આમ સંસ્થા તરફથી મજુર કાયદાઓનુ ઉલ્લંઘન કરવામાં આવે છે. જે ગેરકાયદેસર છે. અરજદાર નોકરીમાં દાખલ થયા તા.૧૬/૧૦/૨૦૦૭ થી પ્રથમ હિન્દુસ્તાન યુનીલીવર લીમીટેડમાં અને ત્યારબાદ ગદરે મરીન એકસપોર્ટ પ્રા.લી. માં તા.૧૨/૧૧/૨૦૧૬ સુધી સળંગ દરેક વર્ષમાં ૨૪૦ દિવસ નોકરી કરેલ છે તેમ છતા સામાવાળા સંસ્થાએ ગેરહાજરી સબબ ગેરહાજર ગણી બચાવની તક આપ્યા વગર છુટા કરવામાં આવેલ છે. ખરી હકીકતે તેઓ રેગયુલર હાજર હોવા છતા અને નોકરી ઉપર રોજેરોજ હાજર રહેતા હતા પરંતુ સામાવાળા સંસ્થા તરફથી કોઈ કારણોસર અંગત રાગધ્વેશ રાખી તેઓને ફરજ સોંપતા ન હતા અને ફરજ ન સોંપી ગેરહાજર ગણી ખોટી રીતના તેઓને છુટા કરવામાં આવેલ છે અને બચાવની કોઈ તક આપેલ નથી કે કોઈ શો–કોઝ નોટીસ આપેલ નથી કે કોઈ ખાતાકીય તપાસ કરવામાં આવેલ નથી.

સબબ માંગણા નિવેદન રજુ કરી દાદ માંગેલ છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં નોકરીના ફરજ કાળ દરમ્યાન દરેક વર્ષમાં ૨૪૦ દિવસ પુરા કરેલ હોય અને તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરવાનુ પગલુ ગેરકાયદેસર ઠરાવી પડેલા દિવસોના પુરેપુરા પગાર સાથે સળંગ નોકરી ગણી સામવાળા તેઓને તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરી આપે તેવો એવોર્ડ કરી આપવા તથા સામાવાળા સંસ્થાની કસુરે રેફરન્સ કરવાની ફરજ પડેલ હોય આ રેફરન્સનુ ખર્ચ રૂ.૫,૦૦૦/– સામાવાળા

સંસ્થા પાસેથી અપાવવા તથા આ સિવાય આપી શકાતી અને અપાવી શકાતી તમા દાદ અપાવવાની અરજ કરેલ છે.

(૪) ત્યારબાદ કોર્ટ ધ્વારા સામાવાળાને નોટીસ કાઢતા ધોરણસરની નોટીસ બજી જતા સામાવાળા ધ્વારા આંક–૧૧ થી જવાબ રજુ કરેલ છે જેમા તેઓ અરજદારના આંક–૬ ના માંગણા નિવેદનની મહત્વની હકીકતનો ઈન્કાર કરી અરજદારે ખોટા આર્થીક પ્રલોભનો સબબ કંપની સામે મોડે મોડેથી એટલે કે, આશરે ૭ વર્ષના સમયગાળા બાદ હાલનુ લીટીગેશન ઉભુ કરેલ છે. જેથી ઔદ્યોગિક વિવાદ ધારાઓની જોગવાઈઓ મુજબ આવી જુની અને પડતર રેફરન્સ ચાલવાપાત્ર બનતો ન હોય રદ કરવા તેમની નામદાર કોર્ટને અરજ છે. અરજદારે તેઓના માંગણા નિવેદનમાં વારંવાર ૨૪૦ દિવસની સળંગ નોકરી કરેલ હોવાની હકીકત ખરી નથી. તેમની કંપનીમાં ૧૦૦% એક્ષ્પોર્ટ ઓરીએન્ટેડ કામગીરી કરવામાં આવે છે અને પરદેશની કંપનીના ઓર્ડર મુજબનુ પ્રોડકશન હાથ ધરવામાં આવે છે જેમા શ્રમયોગીઓની કાયમી જરૂરીયાત રહેતી ન હોય, ફીકસ પીરીયડ ઉપર કામે રાખવામાં આવે છે જે મુજબ અરજદાર પણ તેમની કંપનીમાં એફ.ટી.સી. શ્રમયોગી તરફે તા.૧૬/૧૦/૦૭ થી યુનીટ નં.૨ માં નિમણુકના હુકમ મુજબ કામ કરતા હતા. જેમાં નિશ્ચિત શરતોથી જ તેમને રાખવામાં આવેલ હતા અને તે ઓર્ડર તેમને સમજી, વિચારી અને સહી કરી સ્વીકારેલ હતો અને સદરહુ નિમણુંકનો હુકમની શરતો તેમને બંધનકર્તા છે. આમ અરજદાર તેમને તયાં ફીકસ પીરીયડથી કામ કરતા હોય તેઓ આઈ.ડી.એકટની જોગવાઈઓ મુજબ મુખ્યત્વે કલમ–૨(ઓઓ)(બીબી) મુજબ કોઈ દાદ માંગવા મેળવવા હકકદાર બનતા નથી. અરજદાર તેઓની ફરજમાં લાંબાગાળાની બિનઅધિકૃત ગેરહાજરી ઉપર રહેતા હતા અને વારંવાર મોખીકમાં સુચનાઓ આપવામાં આવેલ હતી તા.૨૨/૭/૧૬ ના પત્રથી જાણ કરેલ હતી કે પુર્વમંજુરી વગર ગેરહાજર રહેવુ જોઈએ નહી પરંતુ તેઓના વર્તનમાં કોઈ ફરે પડેલ ન હતો કંપનીના રેકર્ડ આધારીત જુન–૨૦૧૬ થી ઓકટોબર–૨૦૧૬ દરમ્યાન અરજદારે ફકત ૪.૫ દિવસની જ કામગીરી કરેલ હતી અને ગેરકાયદેસર રીતે ફરજમાંથી ગેરહાજર રહેલ હતા. જેથી તેઓને તા.૧૨/૧૧/૧૬ નાપત્રથી નોકરીમાંથી છુટા કરેલ

હતા. વધુમાં તેઓની નોકરીનો સમયગાળો તા.૧/૧૦/૧૬ થી તા.૩૧/૧૦/૧૬ સુધી જ લંબાવવામાં આવેલ હતો અને જેથીી પણ અરજદાર તા.૩૧/૧૨/૧૬ પછી નોકરીની શરતો અનવયે કંપનીની નોકરીમાં ચાલુ રહેવા માટે હકકદાર બનતા જ ન હતા. વધુમાં અરજદારને તા.૧૨/૧૧/૧૬ ના રોજ છુટા કરેલ તે સમયે જ તેમની યુનિટ નં.ર ફેકટરીની કલોઝરની પ્રોસેસ શરૂ થયેલ હોવાથી અરજદાર સામે સ્ટેન્ડીંગ ઓર્ડર હેઠળ ખાતાકીય તપાસ થઈ શકેલ ન હતી. આમ શ્રમયોગી સામે બરતરફીના હુકમ પહેલા ખાતાકીય તપાસ યોજેલ ન હોય તો તેવા કીસ્સામાં માલીક ધ્વારા નામદાર કોર્ટ સમક્ષ ગેરવર્તણુક સાબીત કરવાની તક માંગવામાં આવે તો આવી તક નામદાર કોર્ટએ ન્યાયના વિશાળ હીતમાં આપવી જોઈએ જે અંગેના જરૂરી ચુકદાઓ સમયે રજુ કરી આપીશુ. વધુમાં અરજદાર જે યુનીટ નં.ર માં એફ.ટી.સી. તરીકે કામગીરી કરતા હતા તે તા.૩૦/૬/૧૭ થી બંધ કરવામાં આવેલ છે અને આજના દિવસે પણ સંપુર્ણપણે બંધ છે. કંપની પક્ષેથી લેખીત રજુઆત ઉપરાંત મૌખીક રીતે પણ કન્સીલીએશન ઓફીસર સમક્ષ જણાવેલ હતુ કે અરજદારની કંપની સામેની પુન:સ્થાપિત થવાની તેમજ બેકવેજીસની માંગણી ચાલવાપાત્ર બનતી નથી. કંપનીએ સહાનુભુતિના કારણોસર અરજદારને ઓફર કરેલ હતી કે કેસના ગુણદોષને અબાધીત રાખીને અરજદાર કંપનીમાં કાર્યરત કોન્ટ્રાકટરો હેઠળ કામગીરી માટે તૈયાર હોય તો કંપની આ પ્રકારની વ્યવસ્થા માટે તૈયારી દાખવેલ હતી પરંતુ અરજદાર પક્ષેથી ઈન્કાર કરવામાં આવેલ હતો અને અરજદાર કોન્ટ્રેકટર હેઠળ કામ કરવા તૈયાર હોય તો તેઓનો રોજીરોટીના પ્રશ્નનો ત્વરીત નિકાલ આવી શકે તેમ છે. ઉપરોકત સમગ્ર હકીકતે અને રજુઆતે હાલનો રેફરન્સ ખર્ચ સહીત રદ કરવા નમ્ર અરજ કરેલ છે.

(૫) ત્યારબાદ અરજદાર તરફે નીચે મુજબના મૌખીક પુરાવો રજુ થયેલ છે. પરંતુ કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

<u>અરજદાર તરફે મૌખીક પુરાવો</u>

ક્રમ	મૌખીક પુરાવાની વિગત	આંક
૧	અરજદાર મહેશ નાનુ પરમારનુ સરતપાસનુ સોગંદનામુ	૩૩

J.S.JADAV
JUDGE(J.D),LABOUR COURT,JUNAGADH

(૬) અરજદાર તરફે આંક–૪૬ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થયેલ છે.

(૭) સામાવાળા તરફે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

<u>સામાવાળા તરફે મૌખીક પુરાવો</u>

ક્રમ	મૌખીક પુરાવાની વિગત	આંક
૧	સામાવાળાના એચઆર શાખાના પીઆરઓ વિજય હીરાલાલ પંચોલીનુ પુરાવાનુ સોગંદનામુ	૪૭

<u>સામાવાળા તરફે દસ્તાવેજી પુરાવો</u>

ક્રમ	દસ્તાવેજી પુરાવાની વિગત	આંક/નિ.
૧	કંપનીએ અરજદારને લખેલ પત્રની નકલ.	૩૫, ૩૬
૨	અરજદારની જુન–૧૬ થી ઓકટોબર–૧૬ની હાજરીનુ લીસ્ટની નકલ.	૪૮
૩	પોસ્ટ એકનોલેજમેન્ટ સ્લીપની નકલ	૪૯
૪	અરજદારનુ જાન્યુઆરી–૧૬ થી નવેમ્બર–૧૬ ના હાજરીનુ સ્ટેટમેન્ટ	૫૦
૫	કંપનીએ કલોઝર અંગે ડેપ્યુટી ડાયરેકટર, જુનાગઢને લખેલ પત્ર	૫૧
૬	ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થયની કચેરી, જુનાગઢને લખેલ પત્રની નકલ.	૫૨
૭	કંપનીના અલગ અલગ કરારો આધારીત નોકરી માટેના પત્રની નકલ.	૫૩, ૩૭ થી ૪૪
૮	કંપનીના મે–૨૦૧૬ ના પગારપત્રકની નકલ.	૪૫
૯	કંપનીના જુન–૨૦૧૬ થી ઓકટોબર–૧૬ ના પગારપત્રકની નકલ.	૫૪ થી ૫૮

(૮) સામાવાળા તરફે આંક–૫૯ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરેલ છે.

(૯) ત્યારબાદ અરજદાર તરફે વિ.પ્રતિનિધીશ્રી ધ્વારા મૌખીક દલીલ કરી તેના સમર્થનમાં અલગ અલગ સર્વાચ્ચ અદાલતના ચુકાદાઓ રજુ કરેલ છે જે વંચાણે લીધા. જે સામે સામાવાળા તરફે મૌખીક દલીલ કરી તેના સમર્થનમાં અલગ અલગ સર્વાચ્ચ અદાલતના ચુકાદાઓ રજુ કરેલ છે જે વંચાણે લીધા. પુનરાવર્તન ટાળવાના શુભ આશ્યથી સદર દલીલ અને ચુકાદાઓને કારણોની ચર્ચામાં જરૂર પડયે આવરી લેવામાં આવશે.

(૧૦) આમ ઉપરોકત પક્ષકારોના પક્ષ નિવેદનો રજુ મૌખીક–દસ્તાવેજી પુરાવાઓ, દલીલો લક્ષમાં લેતા, આ રેફરન્સના ન્યાય નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–::મૃદ્દાઓ::–

(૧) શું આ કામના રેફરન્સને સમયમર્યાદાના કાયદાનો બાધ છે ?

(૨) શું આ કામના અરજદાર પુરવાર કરે છે કે, તેઓ મદદનીશ શ્રમ આયુકતશ્રી કચેરીની અનુસુચિ મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા કે તેઓએ માંગેલ અન્ય દાદ મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ?

(૧૧) ઉપરોકત મારા તારણો અને કારણો નીચે મુજબ છે.

(૧) 'હકારમાં'

(૨) 'નકારમાં'

(૩) 'આખરી હુકમ મુજબ'

–: કારણો :–

(૧૨) મુદા નં.૧ અને નં.૨ ની સંયુકત ચર્ચા:–

આ કામે મુદા નં.૧ અને નં.૨ ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોઈ બીન જરૂરી પુનરાવર્તન અટકાવવાના હેતુસર આ બંને મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

(૧૩) સદર મુદા સબંધે રેકર્ડ પર રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ ઘ્યાને લેતા અરજદાર સ્વંયમ તેના આંક–૬ ના માંગણા નિવેદનમાં જણાવે છે કે, તેઓને સામાવાળાએ તા.૧૬/૧૦/૨૦૦૭ ના રોજ રોજમદાર કર્મચારી પ્રથમ હીન્દુસ્તાન યુનીલીવર લીમીટેડમાં અને ત્યારબાદ ગદરે મરીન એકસપોર્ટ પ્રા.લી. માં તરીકે કામ પર રાખેલા અને તા.૧૨/૧૧/૨૦૧૬ નારોજ કામ ઉપરથી ગેરહાજરી સબબ ગેરહાજર ગણીને બચાવની તક આપ્યા વગર તેઓને ફરજ ન સોંપીને ગેરહાજર ગણી

કોઈપણ કારણો વગર છુટા કરેલ છે. જયારે અરજદારે તેઓના આંક–૩૩ ના સોગંદનામામાં પણ તેઓની આંક–૧ ની હકીકતને સમર્થનકારી હકીકત રજુ કરેલ છે.

જે સામે સામાવાળા ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, **એ વાત ખરી છે કે, હુ સામાવાળી કંપનીમાં ક્રેબસ્ટિક વિભાગમાં કામ કરતો હતો. એ વાત ખરી છે કે, હુ જ્યારે કામ કરતો હતો ત્યારે કંપનીનુ નામ હિન્દુસ્તાન લીવર હતુ.** એ વાત ખરી નથી કે, મને છુટ્ટો હિન્દુસ્તાન લીવર કંપનીએ કરેલ છે, સાહેદ સ્વેચ્છાયે જણાવે છે કે, ગદરે મરીન કંપનીએ છુટ્ટો કરેલ છે. **એ વાત ખરી છે કે, હુ જ્યારે કામ કરતો હતો ત્યારે કંપની તરફથી મને આઈ કાર્ડ આપવામાં આવેલુ.**

એ વાત ખરી નથી કે, મે આ કામે આઈકાર્ડ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મને સેલેરી સ્લીપ પણ આપવામાં આવતી હતી. એ વાત ખરી નથી કે, આ સેલેરી સ્લીપ મે આ કામમાં રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મે જેટલો સમય નોકરી કરેલ તે તમામ સમયની સેલેરી સ્લીપ આ કામે રજુ કરેલ નથી. અરજદાર ધ્વારા આવા કોઈ આઈ.કાર્ડ કે પગાર સ્લીપ રજુ કરવામાં આવેલ નથી.

વધુમાં અરજદાર જણાવે છે કે, **એ વાત ખરી નથી કે, કંપની તરફથી મને ત્રણ–ત્રણ મહિને ફિક્સ કામ માટેનો હુકમ આપવામાં આવતો હતો. એ વાત ખરી છે કે, મારો છેલ્લો હુકમ તા.૩૧/૧૨/૨૦૧૬ સુધીનો હતો. એ વાત ખરી છે કે, ક્રેપ્સ્ટીક વિભાગ તા.૩૦/૦૬/૨૦૧૭ ના રોજ બંધ થઈ ગયો હતો. એ વાત ખરી છે કે, ક્રેબસ્ટિક વિભાગ બંધ થતા બધા કામદારો છુટ્ટા કરી દીધા.** એ વાતની મને ખબર નથી કે, આ યુનિટ બંધ થતા તેનુ લાઈસન્સ રદ કરવામાં આવ્યુ. **એ વાત ખરી છે કે, કંપનીમાં મારી હાજરી, હાજરી પત્રકમાં પુરવામાં આવતી હતી અને પગારપત્રકમાં સહી લેવામાં આવતી હતી. એ વાત ખરી નથી કે, નિશાની ૧૨/૧૭ મુજબ મે કોઈ વર્ષમાં સંળંગ ૨૪૦ દિવસ કામ કરેલ નથી. એ વાત ખરી છે કે, હું સંળંગ ૧૧૬ દિવસ ગેરહાજર રહ્યો તે બાબતે મે કંપનીને કોઈ લેખિતમાં જાણ કરેલ નથી.**

અરજદારના સદર હકીકત સબંધે સામાવાળા ધ્વારા રજુ થયેલ આંક–૩૫ થી ૪૫ તથા ૪૮ થી ૫૮ ના દસ્તાવેજોને વંચાણે લેતા અરજદાર ધ્વારા કંપનીમાં ર૪૦ દિવસ સળંગ નોકરી કરેલ હોય તેવુ જણાય આવતુ નથી.

વધુમાં અરજદાર જણાવે છે કે, એ વાત ખરી નથી કે, રજા પર જતા પહેલા મેં કંપનીને જાણ કરેલી નહીં. એ વાત ખરી છે કે, રજા ઉપર જતા પહેલા મેં મારા ઉપરી અધિકારી પાસે કોઈ લેખિતમાં મંજુરી માંગેલ નહીં. **એ વાત ખરી છે કે, કંપનીએ મને મોકલેલ ગેરહાજરી સબબના ખુલાસા માંગતા પત્રનો મે કોઈ જવાબ કે ખુલાસો આપેલ નથી. સાહેદ સ્વેચ્છાચે જણાવે છે કે, મને આવો કોઇ પત્ર મળેલ નથી.** એ વાત ખરી છે કે, હુ જ્યારે નોકરી કરતો હતો ત્યારે મારૂ સરનામુ ખાણિયા વિસ્તાર, માથાવાવ, ચોરવાડ હતુ. એ વાત ખરી છે કે, આ રજી.એ.ડી. ની સ્લીપમાં મારૂ નામ અને સરનામુ છે, પરંતુ સહી મારી નથી. એ વાત ખરી છે કે, હુ ઘરે હાજર ન હોવ ત્યારે મારા વતી પોસ્ટમેનની ટપાલો મારા ઘરના સભ્યો સ્વીકારી લેચ છે. એ વાત ખરી નથી કે, નિશાની ૧૨/૪ માં રહેલ સહી એ મારા ઘરના કોઈ સભ્યની છે. એ વાત ખરી નથી કે, આ બંને પત્ર પછી પણ હુ કંપનીમાં હાજર થયેલ નથી. **હાલમાં મને કંપની જે જગ્યાએ હુ કામ કરતો હતો તે જગ્યાએ મને કામ ઉપર રાખે તો હુ જવા તૈયાર છુ. એ વાત ખરી છે કે, હુ જે યુનિટ પર કામ કરતો હતો તે યુનિટ હાલમાં બંધ છે. હુ અન્ય કોઈ જગ્યાએ કંપનીમાં કામ કરવા તૈયાર નથી.** અરજદારની આ હકીકત ધ્યાને લેતા અરજદાર જાણે છે કે, તેઓ પહેલા જે યુનીટમાં કામ કરતા હતા તે યુનીટ બંધ થયેલ છે તેમ છતા તેઓ તે જ જગ્યાએ કામ ઉપર જવાની તૈયારી બતાવેલ છે જે અરજદાર જાણી જોઈને ખોટી માંગણી કરતા હોવાનુ મનાય છે.

વધુમાં અરજદાર જણાવે છે કે, **એ વાત ખરી છે કે, ૨૦૧૩ માં મને હિન્દુસ્તાન લીવર કંપની દ્વારા છુટ્ટો કરવામાં આવ્યો ત્યારે કંપનીએ મને મારા હક્ક હિસ્સા ચુકવી દીધા હતા.** એ વાત ખરી છે કે, હુ કંપનીમાં રોજમદાર તરીકે કામ કરતો હતો. એ વાત ખરી છે કે, હુ કંપનીમા અનસ્કીલ્ડ રોજમદાર તરીકે કામ કરતો હતો. **એ વાત ખરી છે કે, કંપની મને અનસ્કિલ્ડ તરીકે કામે રાખવા તૈયાર હોય તો હુ કામે રહેવા તૈયાર નથી. એ**

વાત ખરી છે કે, આ કેસ દાખલ કરતા પહેલા મે મજુર કમિશનરમાં કેસ દાખલ કરેલ હતો. એ મને યાદ નથી કે, મજુર કમિશનરમાં મને હાજર લેવા માટે કમ્પની તૈયાર હતી પરંતુ મે હાજર થવાની ના પાડેલી. એ વાત ખરી છે કે, મારા લગન થઈ ગયેલ છે. મારા ઘરમાં ૮ સભ્યો છે. મારે ૧ બાળક છે. જે ૧.૫ વર્ષનો છે. મારા ઘરના તમામ સભ્યોની ભરણ પોષણની જવાબદારી મારા ઉપર છે. એ વાતની મને ખબર નથી કે, મારે મહિને ઘરખર્ચ કેટલો આવે છે. **હાલમાં હુ પ્રાઈવેટમાં નોકરી કરૂ છુ. હાલમાં હુ મહિને ૧૮ થી ૨૦ હજાર પગાર મેળવુ છુ.** વધુમાં અરજદારની આ હકીકત ધ્યાને લેતા અરજદાર બેરોજગાર હોય કે આવક મેળવતા ન હોય તેવુ માની શકાતુ નથી. આમ પણ અરજદારે સાત વર્ષના લાબા સમય બાદ રેફરન્સ દાખલ કરેલ હોય આટલા લાંબા સમય બાદ કોઈપણ પ્રકારનુ કામ કર્યા વગર પોતાનુ અને કુટુંબનુ ભરણપોષણ કરતા હોવાનુ માની શકાય નહી.

(૧૪) વધુમાં સદર મુદા સબંધે સામાવાળાએ આંક–૪૭ થી લેખીત સરતપાસનુ સોગંદનામુ આપવામાં આવેલ છે જેમા આંક–૧૧ ના જવાબની ખરી હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. જવાબ અને સરતપાસને વંચાણે લેતા સામાવાળા ધ્વારા પ્રથમથી જ અરજદારે ખોટા આર્થિક પ્રલોભનો સબબ કંપની સામે મોડે મોડેથી એટલે કે હાલનો રેફરન્સ ૭ વર્ષના લાંબા સમયગાળા પછી કોઈ ચોકકસ કારણ દર્શાવ્યા વગર કરેલ હોય કાયદાની જોગવાઈનો દુર ઉપયોગ કરેલ હોવાનુ જણાવે છે. જે સાથે નામ. સુપ્રિમ કોર્ટના પ્રભાકરણના જજમેન્ટનો ઉલ્લેખ કરી જણાવે છે કે, આટલા લાંબા સમયગાળા દરમ્યાન કરેલ રેફરન્સ કે અરજીમાં કારણ દર્શાવ્યા વગર કે ડીલે કોન્ડનની માંગણી કર્યા વગર જયારે ''Live Dispute'' વ્યાજબી સમય મર્યાદામાં ઉપસ્થિત કરેલ હોય તો જ નામ. લેબર કોર્ટને રીફર કરી શકાય અન્યથા નહી તેવી રજુઆત કરેલ છે જે સામે અરજદાર ધ્વારા સામાવાળાની ઉલટતપાસ કરતા સામાવાળા જણાવે છે કે,'' **એ વાત ખરી છે કે, વાંધા જવાબના પારા–૪ મા અરજદાર તા.૧૬/૧૦/૨૦૦૭ થી એફ. ટી. સી. શ્રમયોગી તરીકે કંપનીના યુનિટ નં.૨ માં નિમણુક હુકમ આપવામાં આવેલ હતો. એ**

વાત ખરી છે કે, વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૩ સુધીના અરજદારના કોઈ રેકર્ડ આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, વર્ષ ૨૦૧૩ થી અરજદારને દર ૩ મહિનાના કોન્ટ્રાક્ટ આપેલા છે. સવાલ: અરજદાર વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૩ સુધી કરાર આધારિત હોય તો તેના કરાર તમારી પાસે છે કે કેમ? જવાબ: અમારી પાસે નથી કારણકે વર્ષ ૨૦૧૩ માં ગદરે મરીન એક્સ્પોર્ટ કંપનીએ હિન્દુસ્તાન યુનિ લિવર કંપની ને ટેકઓવર કરેલ હોય વર્ષ ૨૦૧૩ પછીના દસ્તાવેજો અમારી પાસે છે જે રજુ કરેલ છે. એ વાત ખરી છે કે, નિશાની ૧૨/૮ થી ૧૨/૧૬ માં જણાવેલ શરત નં.૧ મુજબ અરજદારને નોટીસ આપેલ નથી. **એ વાત ખરી છે કે, મારા કહેવા મુજબ ક્રેબ્સ્ટિક યુનિટ–૨ બંધ થઈ ગયેલ છે અને તમામ કામદારોને છુટ્ટા કરેલ છે. આ છુટ્ટા કરેલ કામદારોની સંખ્યા અંદાજિત ૨૦૦ જેટલી હતી. એ વાત ખરી છે કે, એકસાથે ૨૦૦ કામદારને છુટ્ટા કરવા અંગે કોઈ પણ અધિકાર ધરાવતી કચેરીમાંથી મંજુરી મેળવેલ નથી. એ વાત ખરી છે કે, યુનિટ બંધ કરવા અંગે મંજુરી મેળવેલ છે.** એ વાત ખરી છે કે, આ બન્ને નોટિસો અરજદારને બજાવેલ છે. એ વાત ખરી છે કે, આંક–૩૬ ની નોટિસ કમ ટર્મીનેશન લેટર મુજબ અરજદારને નિકળતા હક્ક હિસ્સા ચુકવવામાં આવેલ નથી સાહેદ સ્વેચ્છાયે જણાવે છે કે, નોટિસ મુજબ અરજદાર લેવા આવેલ નથી. આંક–૩૬ ની નોટિસ મુજબ અરજદાર પાસેથી જરૂરી દસ્તાવેજમાં બેંક માહિતી તથા આધાર કાર્ડ અને પાન કાર્ડની માંગણી કરવામાં આવેલ. એ વાત ખરી છે કે, આ દસ્તાવેજનો ઉલ્લેખ આંક–૩૬ ની નોટિસમાં કરેલ નથી. એ વાત ખરી છે કે, સદર દસ્તાવેજોની જાણ અરજદારને ફોન ઉપર કરેલી. એ વાત ખરી છે કે, અરજદારને છુટ્ટા કર્યા સમયે નોટિસ, નોટિસ પગાર, બેકારી વળતર કે છટ્ટણી વળતર આપેલ નથી. જે ૨૦૦ કર્મચારીઓને છુટ્ટા કરેલ તેઓએ રાજીનામા આપેલ છે. એ વાત ખરી છે કે, આ લોકો અરજદાર સાથે જ કામ કરતા હતા. એ વાત ખરી છે કે, અરજદારે રાજીનામુ આપેલ નથી. એ વાત ખરી છે કે, કોઈ પણ કર્મચારી કંપનીમાં જેટલા દિવસ કામ કરે તેટલા દિવસનો પગાર ચુકવવામાં આવે છે. **એ વાત ખરી છે કે, તે મે–૨૦૧૬ નુ પગાર પત્રક છે, જેમાં ક્રમ નં. ૧૨૪ પર અરજદારનુ નામ છે અને કંપનીમાં ૪.૫ દિવસ ફરજ બજાવેલ છે જેનો પગાર બેંકમાં જમા કરેલ છે.**

આંક–૩૬ ની નોટિસ મુજબ અમારી પાસે બેંક ડીટેઈલ હતી તેમ છતા આધાર કાર્ડ અને પાન કાર્ડની જરૂરીયાત હોય દસ્તાવેજની માંગણી કરેલ. એ વાત ખરી છે કે, જે ૨૦૦ કામદારને છુટ્ટા કરેલ તે તમામને તેઓના હક્ક હિસ્સા ચુકવી દિધેલા.''

(૧૫) આમ સદર મુદા સબંધે ઉપરોકત તમામ પુરાવો ઘ્યાને લેતા અરજદારે શ્રમ લેબર કમિશનરશ્રીની કન્સીલેશન કેસ દરમ્યાન પણ આટલા સમય બાદ એટલે કે, ૭ વર્ષ બાદ હાલનો રેફરન્સ કેસ મોડો દાખલ કરવાનુ કોઈ કારણ જણાવેલ નથી. જયારે કન્સીલેશન કેસમાં થયેલ રોજકામ ઘ્યાને લેતા તેમા પણ અરજદાર ઘ્વારા આટલા વર્ષો બાદ અરજી રજુ કરેલ હોય જસ્ટીફીકેશ રજુ કરવા જણાવેલ છે તેમ કરી અરજદારને મુદત આપવામાં આવેલ છે તેમ છતા અરજદાર ઘ્વારા ત્યારબાદ પણ કન્સીલેશન સમક્ષ કોઈપણ પ્રકારે આટલા વર્ષો બાદ કેસ દાખલ કરવા અંગેનો ખુલાસો કરેલ હોય કે તેનુ કારણ જણાવેલ હોય તેવુ જણાય આવતુ નથી. આમ સદર શ્રમ લેબર કમિશનરશ્રીની કન્સીલેશન કેસ દરમ્યાન થયેલ રોજકામને વંચાણે લેતાં તેમના સમક્ષ કોઈ ડીલે કોન્ડનની અરજી થયેલ હોય કે તે સબંધે કોઈ હુકમ કરી ડીલે કોન્ડન ગ્રાહય રાખવામાં આવેલ હોય તેવુ રેકર્ડ ઉપરથી જણાય આવતુ નથી કે તે સબંધે અરજદાર ઘ્વારા આવી અરજી કે તે હેઠળનો હુકમ પણ રજુ કરવામાં આવેલ નથી.

(૧૬) આ ઉપરોકત હકીકત સાથે અરજદાર ઘ્વારા કરવામાં આવેલ મૌખીક દલીલોમાં પણ અરજદારના વિ.પ્રતિનિધીશ્રી ઘ્વારા આટલા વર્ષો બાદ ડીલેથી રેફરન્સ દાખલ કરવા અંગે ખુલાસો કરી જણાવે છે કે, ફેકટરીમાં મને ઘુસવા ન હતા દેતા માટે આટલા સમયનો ડીલે થયેલ છે. જેના સમર્થનમાં નીચે મુજબનો ચુકાદો રજુ કરેલ છે.

(૧) સવીલ અપીલ નં.૪૩૯૦/૨૦૨૫, નામ.સુપ્રિમ કોર્ટ

કેવી પાથરોઝ વિ. ધ ડીવીઝન કન્ટ્રોલર કેએસઆરટીસી.

આ ઉપરોકત ચુકાદાને માનભેર વંચાણે લેતાં, નામદાર સર્વોચ્ચ અદાલતે તેમા જણાવેલ '' As far as the delay in making the reference is concerned the Labour Court found that a departmental appeal was filed by the appellant which remained unad-

dressed by the appellate authority. This finding was not disturbed by the High court. once such is the position, the workman was justified in awaiting decision on his appeal and when the same did not come he raised an industrial dispute. Hence, the workman-appellant cannot be penalized for the inaction on the part of the management in disposing his appeal. In these circumstances, the refernce was not invalid on ground of delay and, therefore, in our view, the impugned order of the Division Bench is not legally justified.'' ઉપરોકત ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતનો કાયદાકીય ચર્ચા ધ્યાને લેતા તેમા અરજદાર ધ્વારા રેફરન્સ મોડો દાખલ કરવાનુ કારણ અરજદાર ઉપર ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી અને અપીલ ચાલતી હતી જેનો ન્યાય નિર્ણય આવેલ નહી અને તેના કારણે અરજદારે રેફરન્સ મોડો દાખલ કરેલ જેથી નામ.સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યુ કે કામદાર અરજદારને મેનેજમેન્ટના ભુલના કારણે દંડ આપી શકાય નહી જેથી તેઓનુ ડીલે મંજુર રાખેલુ પરંતુ સદર કેસની હકીકત ધ્યાને લેતા અરજદાર ધ્વારા આવુ કોઈપણ કારણ સ્પષ્ટ રીત જણાવવામાં આવેલ નથી અને ૭ વર્ષ જેટલા લાંબા સમયગાળા બાદ અચાનક લેબર કમિશ્નરમાં કન્સીલીએશન કેસ કોઈપણ ડીલેની માફી માંગ્યા વગર દાખલ કરી અને કોર્ટમાં રેફરન્સ કેસ દાખલ કરેલ જે ન્યાયનો હેતુ માટે વ્યાજબી માની શકાય નહી. આ સાથે સામાવાળા ધ્વારા મૌખીક દલીલ કરી તેના સમર્થનમાં રજુ કરેલ નીચે મુજબના ચુકાદાઓને માનભેર વંચાણે લેતાં,

(૧) ૨૦૧૫ નામ. સુપ્રિમ કોર્ટ ડેઈલી ઓર્ડર,
પ્રભાકર વિ.જોઈન્ટ સેક્રેટરી ડીપાર્ટમેન્ટ નો ચુકાદો.

(૨) સ્પે.સી.એપ્લીકેશન નં.૧૪૮૬/૨૦૨૦, નામ. ગુજરાત હાઈકોર્ટ,
દીલીપભાઈ લવજીભાઈ પરેચા વિ. ધ ડેપ્યુટી એકઝીકયુટીવ એન્જીનીયર.

(૩) સ્પે.સી.એપ્લીકેશન નં. ૧૭૦૫૦ થી ૧૭૦૫૨/૨૦૧૬, નામ.ગુજરાત હઈકોર્ટ,
ઠાકોરજી અનરેજી પ્રતાપજી વિ. ડેપ્યુટી એકઝીકયુટીવ એન્જીનીયર અને બીજાઓ.

J.S.JADAV
JUDGE(J.D),LABOUR COURT,JUNAGADH

(૪) લેટર પેટન્ટ અપીલ નં.૪૬૫/૨૦૧૬, નામ. ગુજરાત હાઈકોર્ટ,

રાજેન્દ્રકુમાર પરસોતમભાઈ પારેખ વિ. એકઝીકયુટવ ચંન્દીકા અને બીજાઓ.

(૫) ૨૦૦૧ સીએલઆર ૮૫, નામ. સુપ્રિમ કોર્ટ,

મેનેજમેન્ટ ઓફ એમ/એસ. ઈન્ડીયન આઈરોન એન્ડ સ્ટીલ કોર્પોરેશન.લી.

વિ. પ્રહલાદ સીંઘ

(૬) ૨૦૦૨ સીએલઆર ૩૨૧, સુપ્રિમ કોર્ટ,

આસીસ્ટન્ટ એકઝીકયુટીવ એન્જીનીયર, કર્ણાટકા વિ. શ્રી શીવલીંગા

(૭) સીવીલ અપીલ નં.૨૮/૨૦૦૯, નામ.સુપ્રિમ કોર્ટ,

સ્વામી ગોવડા અને બીજાઓ વિ. શિવલીંગા ગોવડા અને બીજાઓ.

(૮) ૨૦૦૧ નામ. ગુજરાત હાઈકોર્ટ,

જગુભા નથુભાસ ઝાલા વિ. યુનીયન ઓફ ઈન્ડીયા

(૯) સ્પે.સી.એપ્લીકેશન નં.૬૩૫૧/૨૦૦૬, નામ.ગુજરાત હાઈકોર્ટ,

ઈન્ડીયન રેયોન ઈન્ડસ્ટ્રીઝ લી. વિ. બાંમણીયા લાખાભાઈ ભગવાનજીભાઈ.

(૧૦) ૨૦૦૫ આઈએનએસસી ૫૭૧, નામ.સુપ્રિમ કોર્ટ,

કીશોરી ચંદ્રા શામલ વિ. ઓરીસ્સા સ્ટેટ કેસ્યુ ડેવલોપમેન્ટ કોર્પો. લી.

ઉપરોકત તમામ ચુકાદાઓમાં **ચુકાદા નં.૧** માં નામદાર સર્વોચ્ચ અદાલતે ''...In contrast, in those cases where there was no agitation by the workman against his termination and the dispute is raised belatedly and the delay or laches remain unexplained, it would be presumed that he had waived his right or acquiesced into the act of ternubation and therefore, at the time when the dispute is raised it had become stale and was not an 'existing dispute'. In such circumstances, the appropriate Government can refuse to make reference In the alternative, the Labour Court Industrial Court can also hold that there is no "industrial dispute" within the meaning of Section 2(k) of the Act and, therefore, no relief can be granted.'' **ચુકાદા નં.૨** માં પણ

નામદાર ગુજ.હાઈકોર્ટે ચુકાદા નં.૧ ને આધાર માની ''...Otherwise, going by the decision of the Apex Court in 'PRABHAKAR' (Supra), and also noticing very carefully, the Statement a huge delay, the request of the petitioner cannot be acceded to. Further, evem, on the oath, before this Court, the petitioner have not stated as to why they remained silent for so many year. Thus, the Labour Court having within its bounds, this court finds no reason to thterfere with the same.'' **ચુકાદા નં.૩** માં ''At this stage, referemce also needs to be made to the decision of the Division Bench of this Court in Letters Patent Appeal No. 466 of 2016 (order dated 14.06.2016). It was inter alia observed in para:6 of the said decision that delay of about seven years in raising dispute without any explanation was fatal. In the present case also, there is no explanation for delay. Considering the totality, this Court finds that, this was not the case where any relief could be granted to the petitioner. The impugned awards therefore do not call for any interference.'' **ચુકાદા નં.૪** માં ''...In any event, in view of the unexplained and inordinate delay of 7 years in raising the dispute and having accepted the P.F. amount in the year 2005, the appellants cannot term their discontinuation in service from 08.05.2001 as illegal termination. Moreover, having regard to the findings recorded by the learned Single Judge, we do not find any merits in the appeal. Hence, all the three appeals being devoid of any merits are dismissed. No order as to costs.'' આમ **ચુકાદા નં.૫ થી ૧૦** ને માનભેર વંચાણે લેતા ઉપરોકત તમામ સામાવાળા તરફે રજુ થયેલ ચુકાદાઓ તેની દલીલ સાથે અને પુરાવા સાથે મદદરૂપ થતા હોવાનુ માનવાને કારણ રહે છે.

(૧૭) આમ ઉપરોકત તમામ પક્ષકારોની દલીલ સાથે નામ.સુપ્રિમ કોર્ટના Pathapati Subba Reddy (Died) By Lrs And ... vs Special Deputy

Collector (La) on 8 April, 2024 TYF Basawaraj and Anr. vs. Special Land Acquisition Officer માં ઠરાવેલ છે કે, કાયદાની સમયમર્યાદાના બહારના દાવા કે અરજી કોર્ટમાં ચાલી શકે નહી. નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદાના પેરા નં.૧૨ અને ૧૫ નીચે મુજબ રીપ્રોડયુઝ કરેલ છે.

> “12. It is a settled legal proposition that law of limitation may harshly affect a particular party but it has to be applied with all its rigour when the statute so prescribes. The Court has no power to extend the period of limitation on equitable grounds. “A result flowing from a statutory provision is never an evil. A Court has no power to ignore that provision to relieve what it considers a distress resulting from its operation." The statutory provision may cause hardship or inconvenience to a particular party but the court has no choice but to enforce it giving full effect to the same. The legal maxim dura lex sed lex which means "the law is hard but it is the law", stands attracted in such a situation. It has consistently been held that, “ inconvenience is not” a decisive factor to be considered while interpreting a statute.”
>
> “15. The law on the issue can be summarised to the effect that where a case has been presented in the court beyond limitation, the applicant has to explain the court as to what was the “sufficient cause” which means an adequate and enough reason which prevented him to approach the court within limitation. In case a party is found to be negligent, or for want of bona fide on his part in the facts and circumstances of the case, or found to have not acted diligently or remained inactive, there cannot be a justified ground to condone the delay. No court could be justified in condoning such an inordinate delay by imposing any

condition whatsoever. The application is to be decided only within the parameters laid down by this Court in"

"15. The law on the issue can be summarised to the effect that where a case has been presented in the court beyond limitation, the applicant has to explain the court as to what was the “sufficient cause” which means an adequate and enough reason which prevented him to approach the court within limitation. In case a party is found to be negligent, or for want of bona fide on his part in the facts and circumstances of the case, or found to have not acted diligently or remained inactive, there cannot be a justified ground to condone the delay. No court could be justified in condoning such an inordinate delay by imposing any condition whatsoever. The application is to be decided only within the parameters laid down by this Court in -5- regard to the condonation of delay. In case there was no sufficient cause to prevent a litigant to approach the court on time condoning the delay without any justification, putting any condition whatsoever, amounts to passing an order in violation of the statutory provisions and it tantamounts to showing utter disregard to the legislature."

આમ ઉપરોકત તમામ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ અને તેમા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ઘ્યાને લેતા એ હકીકત સ્પષ્ટ છે કે ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ મુજબની કોઈ પણ અરજી કે રેફરન્સ રજુ કરવા માટે કોઈ સમય બાધ જણાવવામાં આવેલ નથી પરંતુ તેનો મતલબ એવો પણ ન થઈ શકે કે પક્ષકાર ગમે ત્યારે પોતાની ઈચ્છા મુજબ ઘણા સમયના વિલંબ બાદ પણ અરજી કે દાવો કરી શકે.

આ ઉપરોકત તમામ પુરાવા તથા અરજીની હકીકત સાથે અરજદારની અરજીને સમયમર્યાદાના કાયદાનો બાધ નડતો હોવાની સાથે અરજદાર ધ્વારા જે રેકર્ડ

ઉપર પુરાવા રજુ કરવામાં આવેલ છે તે પણ અધુરા અને અસ્પષ્ટ જણાય આવે છે જે સબંધે નામ.સર્વાચ્ચ અદાલતનો નીચે મુજબનો ચુકાદો ધ્યાને લેવો મહત્વનો બની રહે છે.

જે ચુકાદા મુજબ ૨૦૦૫(III) સીએલઆર ૧૦૨૦ (અલાહાબાદ હાઈકોર્ટ) ઉપર પ્રસિધ્ધ થયેલ વિનોદકુમાર–II વિ. પી.ઓ. લેબર, કોર્ટ, આગ્રા તથા ૨૦૧૦(III) એલએલજે ૬૬૩ (દિલ્હી હાઈકોર્ટ) ઉપર પ્રસિધ્ધ થયેલ એનટીપીસી બાદરપુર થર્મલ પાવર સ્ટેશન વિ. ઉમેશ કુમાર મીશ્રાના ચુકાદામાં કામદાર ઉપર પોતાનો કેસ પુરવાર કરવાનું બર્ડન છે તેવુ પ્રસ્થાપિત કરેલ છે જેમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં હાલના કેસમાં અરજદાર ધ્વારા તેઓએ આટલા લાંબા સમયગાળા બાદ કયા કારણોસર હાલનો રેફરન્સ કેસ દાખલ કરેલ અને એવા શું સચોટ કારણો હતા જેના કારણે વિલંબ થયેલ તેવી કોઈ સ્પષ્ટતા જણાવેલ નથી.

આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ સાથે નામ.સર્વોચ્ચ અદાલતના અલગ અલગ ચુકાદાઓને ધ્યાને રાખતા અરજદારની હાલની અરજી સાત વર્ષના લાંબા સમય બાદ દાખલ કરવામાં આવેલ છે પરંતુ તેનુ કોઈ ચોકકસ કે સંતોષકારક કારણ જણાવેલ નથી કે અરજદાર ધ્વારા તેના સરતપાસના સોગંદનામામાં પણ આવો કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી.અરજદાર ધ્વારા દલીલ દરમ્યાન માત્ર એટલુ કહેવાથી કે તેઓને ગેઈટમાં ધુસવા દેતા ન હતા એટલા માત્રથી તેમનો ખુલાસો માની ગ્રાહય રાખી શકાય નહી. ૭ વર્ષનો સમય એ ધણો લાંબો સમય છે આ દરમ્યાન અરજદારે પણ વારં વાર અને રોજ કંપનીમાં જતા હોય અને કંપની ધ્વારા તેમને એન્ટ્રી આપવામાં આવતી ન હોય તેવો પણ કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આમ, માત્ર કહેવા ખાતર દલીલ દરમયાન કીધેલ હોવાનુ માની શકાય છે. ત્યારે અરજદારની હાલના રેફરન્સ કેસને સમયમર્યાદાના કાયદાનો બાધ નડતો હોવાનુ સ્પષ્ટપણે માનવાને કારણ રહે છે.

(૧૮) આમ ઉપરોકત વિસ્તૃતમાં **મુદા નં.૧** ની ચર્ચા કર્યા બાદ **મુદા નં.૨** સબંધે ચર્ચા કરવી અત્રે મહત્વની બની રહેતી નથી કે જયારે અરજદારે પોતાની અરજી મુળથી કાયદાથી વ્યર્થ બની રહેતી હોય તો તેની વધુ ચર્ચા કરવી ન્યાયીક નથી. જેથી **મુદા નં.૧** નો

જવાબ '**હકારમાં**' આપી મુદા નં.૨ નો જવાબ '**નકારમાં**' આપવામાં આવે છે. આમ, મુદા નં.૧ અને નં.૨ ના જવાબના આધારે **મુદા નં.3** નો નીચે આખરી હુકમ મુજબ જવાબ આપવામાં આવે છે.

-:: આખરી હુકમ::-

(૧) આથી અરજદારનો હાલનો રેફરન્સ કેસ નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

જુનાગઢ.
તા.૧૫/૦૬/૨૦૨૬

(જે.એસ.જાદવ)
પ્રમુખ અધિકારી, મજુર અદાલત,
જુનાગઢ. (જી.જે.૦૧૪૨૪)